# ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેન્ક લિ., જૂનાગઢ

મુખ્ય કચેરી, "શ્રી લીલાભાઈ સીદીભાઈ ખુંટી સહકાર ભવન", બસસ્ટેશન સામે,જૂનાગઢ ૩૬૨ ००૧.
ફોન નં.:૦૨૮૫–૨૬૩૦૦૯૧, ફેક્સ નં. : ૦૨૮૫–૨૬૩૧૦૯૦, Email : jdcc.jnd@gmail.com, jdcc_jnd@rediffmail.com

ક્રમાંક : બ્રાન્ચીઝ/૪/૬૪/૧૩૧૬૯ તા.: ૨૧/૦૨/૨૦૨૩

પ્રતિશ્રી,
બ્રાંચ મેનેજર,
................શાખા.

**વિષય : તા.૨૧/૦૨/૨૦૨૩ થી બેંકમાં સ્વીકારવામાં આવતી થાપણ પરના ચુકવવાના વ્યાજના દર બાબત.**

જયભારત સાથ જણાવવાનું કે, રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ના નિયમો અને સુચનાઓને આધિન રહીને પ્રવર્તમાન અન્ય નાણાંકીય સંસ્થાઓના દર અને આપણી બેંકના ચાલુ વ્યાજ દરને ધ્યાને રાખી **તા.૨૧/૦૨/૨૦૨૩** ના રોજથી બેંકમાં સ્વીકારવામાં આવતી કે રીન્યુઅલ કરવામાં આવતી વિવિધ થાપણોના વ્યાજદરમાં ફેરફાર કરેલ છે. જે નીચે મુજબના વ્યાજના દર અને શરતોને આધિન રહી સ્વીકારવા અને **તા.૨૧/૦૨/૨૦૨૩** થી અમલ કરવા જણાવવામાં આવે છે જેની નોંધ લેશો.

| અ. નં. | થાપણનો પ્રકાર | | તા.૨૧/૦૨/૨૦૨૩ થી અમલમાં મુકેલ વ્યાજના દર |
|---|---|---|---|
| ૧ | બચત ખાતા | | ૩.૨૫% |
| ૨ | કોલ થાપણ (ફકત મંડળીઓ માટે) | | ૩.૫૦% |
| ૩ | બાંધી મુદત થાપણ | | |
| | (૧) | ૭ દિવસ થી ૪૫ દિવસ સુધી | ૩.૬૦% |
| | (૩) | ૪૬ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૪.૬૦% |
| | (૪) | ૯૧ દિવસ થી ૧૭૯ દિવસ સુધી | ૪.૬૦% |
| | (૫) | ૧૮૦ દિવસ થી ૩૬૪ દિવસ સુધી | ૫.૮૦% |
| | (૬) | ૧ વર્ષ કે તેથી વધુ ૨ વર્ષની અંદર | ૭.૦૦% |
| | (૭) | ૨ વર્ષ કે તેથી વધુ ૩ વર્ષની અંદર | ૭.૧૦% |
| | (૮) | ૩ વર્ષ કે તેથી વધુ ૫ વર્ષ સુધી | ૬.૬૦% |
| ૪ | **રીકરીંગ થાપણ :** (બાંધી મુદત વ્યાજના દર મુજબ ત્રિમાસીક ચક્રવૃધ્ધિ વ્યાજની ગણતરી મુજબ) | | |

**:: અમલમાં રહેલ વ્યાજના દરમાં વિશેષ સવલત :-**

(૧) થાપણદારની સુચના મુજબ ૧ (એક) વર્ષ કે તેથી વધુ મુદતની રસીદ પર ત્રિમાસીક વ્યાજ ચુકવણીની સવલત આપવામાં આવશે.

(૨) **સીનીયર સીટીઝન તથા કોઈપણ નોકરીયાતનાં નિવૃતી વેતનની રકમનાં બાંધી મુદત થાપણ ખાતા :**

સીનીયર સીટીઝન કે (૬૦ વર્ષથી વધુ ઉંમરની વ્યકિત) ના વ્યકિત તેમજ ૬૦ વર્ષથી ઓછી ઉંમરની કોઈપણ સરકારી / અર્ધ સરકારી કે ખાનગી પેઢીનાં નિવૃત થતા કર્મચારીને મળતા નિવૃતિ વેતનની રકમ (માલિકીનું નિવૃતી વેતન અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.) આ બેંકમાં બાંધી મુદતના અમલમાં રહેલ વ્યાજના દર કરતાં ૦.૫૦% વધુ વ્યાજનો દર ખાસ કિસ્સા તરીકે ચુકવવામાં આવશે.

૨ ...

kab-new\Branches\Int. Rate Paripatra\-21

(૩) <u>બેંકના કર્મચારીઓનાં થાપણ ખાતા :</u>

બેંકના વર્તમાન કર્મચારીઓ તેમજ આ બેંકના ભુતપુર્વ કર્મચારીઓને કર્મચારી તરીકે વ્યાજ દર કરતા ૦.૫૦% અથવા સીનીયર સીટીઝન તરીકે બે માંથી એક પ્રકારે લાભ આપી શકાશે. અને આવા કર્મચારીઓને બાંધી મુદત થાપણ ખાતામાં થાપણ ખાતામાં થાપણ પોતાની હોવાનું ડીકલેરેશન ફોર્મ ભરી આપવાનું રહેશે. અને થાપણ રસીદમાં પ્રથમ નામ પોતાનું દર્શાવવાનું રહેશે.

અગાઉ સ્વીકારેલ થાપણ કે રીન્યુઅલ થાપણ પર કોઈપણ ખાસ સવલત આપેલ હોય તો તે તમામ બંધ કરવામાં આવે છે. પરંતુ ચોકકસ મુદત માટે કોઈ સવલત જેટલા સયમ માટે આપેલ હોય તેટલા સમય માટે ચાલુ રહેશે. જેની સબંધીત સૌ એ નોંધ લેવી.

બેંકે નકકી કરેલા વ્યાજના દર રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની સુચના અને નિયમો અનુસાર પૂર્વ નોટીસ વિના ફરેફારને પાત્ર રહેશે.

મુદત પહેલા બાંધી મુદત થાપણની રકમ નહી ચુકવવાના રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના - માર્ગદર્શનને ધ્યાને લઈ બેંક તેમની વહીવટી અનુકુળતા મુજબ ચોકકસ સમય માટે ખાસ સગવડ આપવા કે બંધ કરવા નિર્ણય કરી શકશે.

(કે.એચ.ભટ્ટ)
મેનેજર-સી.ઈ.ઓ.

<u>સવિનય નકલ રવાના : જાણ માટે</u>

૧. પ્રતિ, શ્રી ચેરમેનશ્રી, મુખ્ય કચેરી, જુનાગઢ.
૨. પ્રતિ, શ્રી વાઈસ ચેરમેનશ્રી, મુખ્ય કચેરી, જુનાગઢ.
૩. પ્રતિ, શ્રી મેનેજીંગ ડીરેકટરશ્રી, મુખ્ય કચેરી, જુનાગઢ.
૪. પ્રતિ, શ્રી ડીરેકટરશ્રી ........................., મું.: ........................

<u>નકલ રવાના : જાણ તથા અમલ માટે. :</u>

૧. શ્રી ડેપ્યુટી મેનેજર, ....CBS.......... સેકશન, હે.ઓ., જુનાગઢ.
૨. રેકર્ડ ફાઈલ.

kab-new\Branches\Int. Rate Paripatra\-22